ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૭ ટકા

ગાંધીનગર તાપમાન

# સેન્ટ્રલ વિસ્ટા આસપાસ બરફગોળાની લારીઓની જમાવટ

## સાંજ પડતા જ સ્વાદ રસિકોની ભીડ ઉમટી પડે છે : રંગીન લાઈટોથી શણગારેલી લારીઓ આકર્ષણનું કેન્દ્ર બની





ગાંધીનગર, તા. ૧૯

ઉનાળાની મોસમ જામી છે. કાળઝાળ ગરમી પડી રહી છે. શહેરીજનો ગરમીથી રાહત મેળવવા માટે ઠંડી ખાણીપીણી તરફ વળ્યા છે. ત્યારે પાટનગરમાં ઠંડા-ઠંડા રંગબેરંગી બરફગોળાની લારીઓએ જમાવટ કરી મુકી છે.

સેન્ટ્રલવિસ્ટા ગાર્ડનની આસપાસ ફૂટપાટ પર બરફગોળાની લારીઓની લાઈનો લાગી છે. જેમાં મોટાભાગે એક જ પરિવારના સભ્યો દ્વારા બરફગોળાની લારીઓ અહીંયા વર્ષોથી ચલાવાઈ રહી છે. દર્શન અને મનમોહન નામની લારીઓએ જમાવટ કરી મુકી છે. તો બીજી તરફ ''મમ્મીના હાથના બરફગોળા'' એ સરગાસણમાં ધૂમ મચાવી દીધી છે.

સ્વાદરસિકો સાંજ પડતાની સાથે રંગબેરંગી મનપસંદ ફ્લેવરના ગોળા ખાવા નીકળી પડે છે. તેથી સેન્ટ્રલવિસ્ટા ગાર્ડન પાસે લોકોની ભીડ ઉમટી પડે છે. ઉનાળાના દિવસોમાં બરફગોળા સહિતની ઠંડી ખાણી-પીણીનું સેવન વધારે થતું હોવાના કારણે શહેરમાં દિન પ્રતિદિન બરફગોળાની લારીઓ વધી રહી છે. આતો થઈ સ્વાદપ્રિય ગોળાની. જ્યારે બીજી વાત કરીએ તો સેન્ટ્રલવિસ્ટામાં ફૂટપાથ પર ઉભેલી આ લારીઓના કારણે ટ્રાફિક સમસ્યાઓ ઉભી થઈ રહી છે. ગાર્ડન આસપાસ વાહનોની પાર્કિંગ કરવાની જગ્યાઓ પર લારીઓએ અડ્ડો જમાવી દીધો હોવાથી વાહનો માર્ગો પર મુકાઈ રહ્યા છે. જેથી અવર-જવર કરનાર લોકો માટે હાલાકી પડી રહી છે. તેથી આ વિસ્તારમાં અવર-જવર કરતા લોકોને અકસ્માતની ભીતિમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. વાહનો લઈને ગોળા ખાવા જતા લોકોએ પોતાના વાહનો યોગ્ય જગ્યાએ પાર્ક કરવા જોઈએ.

સે. ૧૭ માં લાયબ્રેરી આગળ પણ બરફગોળાની લારીની ધમધમાટ છે. યુવાવર્ગ સૌથી વધુ જોવા મળે છે. ચીકુ ફ્લેવરના બરફગોળા અહીંયા મળે છે. સેન્ટ્રલવિસ્ટામાં જાણે કોઈ મેળો ભરાતો હોય તેમ સાંજ પડતા ભીડ જામી જતી હોય છે અને રંગબેરંગી લાઈટોવાળી લારીઓમાં માનવ મહેરાણ બરફગોળા ખાવા ઉમટી પડે છે. લોકો ગાંધીનગર બહારથી પણ અહીંયા બરફગોળાનો સ્વાદ લેવા આવતા જોવા મળે છે.



અમાસ નિમિત્તે ઉવારસદ ગામે માનવ સેવા મંડળ નાં ઉપક્રમે નિરાધાર કુટુંબોને જીવન જરૂરી ચીજ વસ્તુઓની તેમજ We Care સંસ્થાનાં નેજા હેઠળ જયંતીભાઈ પટેલ તરફથી પગરખાની વહેંચણી કરવામાં આવી હતી. જ્યારે મનહર ભાઈ આચાર્ય તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો.

# મહાનગરપાલિકા કચેરી ખાતે બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૬ યુનિટ રક્ત એકત્ર

ગાંધીનગર, તા.૧૯

ઉનાળાની ગરમીમાં રક્તની અછતને પહોંચી વળવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત પ્રયાસથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જરૂરીયાતમંદ દર્દીઓના જીવ બચાવવા માટે ઉપયોગી થઈ શકાય તે માટે શહેરના સેવાભાવી રકતદાતાઓએ રકતદાનના સેવાકાર્યમાં સહયોગ આપ્યો હતો.

ગાંધીનગર પાલિકા અને હેપ્પી યુથ ક્લબના સંયુક્ત ઉપક્રમે શુક્રવારના રોજ "હેપ્પી રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવ્યું. મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સવારે ૮:૦૦ વાગ્યાથી બપોર ૧૨:૦૦ વાગ્યા દરમિયાન હેપ્પી રક્તદાન શિબિર કાર્યક્રમ યોજાયો હતો. પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને રક્ત દાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ભાજપના અગ્રણી જિગ્નેશભાઈ ઠક્કર, ગુજરાત રાજ્ય યોગ બોર્ડમાંથી ભાવનાબેન જોષી, બ્રહ્માકુમારીઝ કેન્દ્ર વાવોલના હંસાદીદી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના કર્મચારીઓ સહિત કુલ ૩૬ લોકોએ રક્તદાન કર્યુ હતુ.

રકતદાન કરનારને સર્ટિફિકેટ, રક્તદાન ઓળખકાર્ડ, ચકલી ઘર, માટીનું કુંડુ, એક છોડ, એક પુસ્તક (કલરવ) અને એક ઠંડા પાણીની બોટલ શુભેચ્છા ભેટ તરીકે આપવામાં આવી હતી. મહાનગરપાલિકા તરફથી રક્તદાતાઓ માટે ચા-કૉફીની વ્યવસ્થા કરવામાં આવી હતી.



# શ્રી સ્વામિનારાયણ મંદિર, કરજીસણ (કલોલ)નો ૪૭ મો પાટોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૧૯

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર, કરજીસણ (કલોલ પાસે) નો ૪૭ મો પાટોત્સવ આરતી, ષોડશોપચાર વિધિથી પૂજન, અર્ચન, અન્નકૂટ તેમજ શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પારાયણ તથા જીવનપ્રાણ અબજીબાપાશ્રીની પારાયણ યોજાઈ હતી. જીવન પ્રાણ મુક્તજીવન સ્વામીબાપા તથા આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામીજી મહારાજના અવિરત વિચરણથી સત્સંગની અભિવૃદ્ધિ પણ થઈ હતું. લક્ષ્મણસિંહ ચાવડા પરિવાર શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથની પારાયણ તેમજ પાટોત્સવના યજમાનપદે હતા.

# સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે જિલ્લા ભાજપની બૃહદ કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા ભારતીય જનતા પાર્ટીની બૃહદ કારોબારી બેઠક યોજાઈ હતી. ગુજરાત પ્રદેશ ભાજપાની યોજના પ્રમાણે યોજાયેલ આ બેઠકમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્રની ભાજપા સરકારના કાર્યકાળના ૯ વર્ષ પૂર્ણ થવા પર છે તેને અનુલક્ષીને પ્રદેશ ભાજપા મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લા ભાજપા પ્રભારી અશોકભાઈ ચૌધરી, જિલ્લા ભાજપા અધ્યક્ષ અનિલભાઈ પટેલ તથા જિલ્લા ભાજપા મહામંત્રી રમણભાઈ દેસાઈ દ્વારા વિવિધ સ્તરીય કાર્યક્રમો, વિશેષ જનસંપર્ક અભિયાન અને સંગઠનાત્મક વિષયો અંગે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદ એચ.એસ.પટેલ, શારદાબેન પટેલ, ધારાસભ્ય જે.એસ.પટેલ, બલરાજસિંહ ચૌહાણ, બકાજી ઠાકોર, રીટાબેન પટેલ, જીલા ભાજપા મહમંત્રી રમેશજી ઠાકોર, રાજુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો, જિલ્લા - તાલુકા પંચાયતના ચુંટાયેલા સદસ્યો, નગરપાલિકાના કાઉન્સિલરો, મંડલ પ્રમુખ તેમજ મહામંત્રીઓ, જુદા જુદા મોરચા અને સેલના સંયોજકો, જિલ્લાના વરિષ્ઠ અગ્રણીઓ અને અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબનો ૨૧મીએ શપથવિધી

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગરના વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રેસિડેન્ટ ઈ.લા. શ્રીમતી વિમલાબેન યાદવ અને તેમની ટીમની શપથવિધિ કાર્યક્રમ યોજવાનો છે. જેનું આયોજન તા. ૨૧-૫-૨૦૨૩, રવિવારના રોજ ગેઝીયા ઓડિટોરિયમ હોલ, સેક્ટર-૨૫ ખાતે સાંજે ૬ વાગ્યે કરવામાં આવેલ છે.

# શ્રીરામ કથાનું શ્રવણ કરવાથી અલૌકિક શાંતિ અનુભવાય છે: મેયર હિતેશ મકવાણા



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નિજાનંદ ગ્રુપ દ્વારા પ્રાથમિક શિક્ષકોના કલ્યાણાર્થે આયોજિત સત્ય, પ્રેમ અને કરુણાનો સંદેશો આપનાર વંદનીય પૂ.મોરારિબાપુની "રામકથા" ચાલી રહેલ છે. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી રામકથાના શ્રવણનો પાવન લાભ લીધો તેમજ પૂજ્ય બાપુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે પૂ.બાપુના સ્વમુખે પ્રભુ શ્રીરામના જીવન ચરિત્ર આધારિત કથાનું શ્રવણ કરવાથી હંમેશા અલૌકિક શાંતિ તેમજ આધ્યાત્મિક ઊર્જાનો અનુભવ થાય છે.

આ વેળાએ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશભાઈ બારોટ, પદાધિકારીઓ, મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# દંઢાવ્ય વિ. કેળવણી ટ્રસ્ટ ફૂલસ્કેપ ચોપડા વિતરણ જોગ

ગાંધીનગર, તા. ૧૯

સંસ્થા દ્વારા ટૂંક સમયમાં ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને ટૂંક સમયમાં માર્કશીટ આપેથી વિનામૂલ્યે ચોપડા આપવામાં આવશે. વિગતવાર માહિતી ટૂંક સમયમાં અપાશે. સંસ્થાના કેળવણીના આ જ્ઞાનરથમાં સહ જ્ઞાતિજનોને ઉત્સાહ, ઉમંગ અને ઉમળકાભેર ભાગ લેવા અને સાથ, સહકાર, સહયોગ સ્વેચ્છાએ સ્વયંભૂ રીતે આપવા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

હવે સંસ્થાના ક્યુઆર કોડ અને બેંકના ખાતામાં સીધા પણ જમા કરાવી શકાશે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ રમેશભાઈ એસ. ચૌહાણની ૯૪૨૭૬ ૧૪૪૩૫ અને મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણનો મો. નં. ૯૪૨૭૦ ૫૬૮૪૫ પર સંપર્ક કરવા સંસ્થાના યુવાવર્ગને જણાવાયુ છે.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના ૩૦ વર્ષ પૂર્ણ થતા ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરના સભ્ય પરિવારનો સંસ્થાના સ્થાપનાકાળના ૩૦ વર્ષ પૂરા થતાં 'વરિષ્ઠોનું વૃંદાવન' નામે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૨૧ મે ના રોજ સાંજે ૪ કલાકે કરવામાં આવ્યું છે. જેનું આયોજન જોઈતાબા વિદ્યાસંકુલ (કોલેજ) સેક્ટર-૭-સી ખાતે યોજાશે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના તમામ સભ્યો, પરિવાર તેમજ નગરની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ તેમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પ્રફુલ્લ ભાવસાર લિખિત અને પ્રકાશલાલા દિગ્દર્શિત 'સાચને ન આવે આંચ' એકાંકી નાટિકા રજૂ થશે. આ કાર્યક્રમમાં સભ્યો અને પરિવાર ફિલ્મી ગીતો એકપાત્રીય અભિયન, નૃત્ય વગેરે રજૂ કરશે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય

ગાંધીનગર, તા. ૧૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં કપાસીયા તેલનું વિતરણ કરવામાં આવ્યું હતું. દહેગામમાં ત્રણ ગામોના ૫૬ લાભાર્થીને ૫૦૦ ગ્રામ કપાસીયા તેલ તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા નવ વર્ષનો અનોખો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સર્વ પ્રથમ વખત સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા "પ્રજ્ઞાચક્ષુ" કલાકારો દ્વારા " સુરીલા પેગામ આપ સબકે નામ" શીર્ષક હેઠળ સંસ્થાના સભ્યો માટે જૂના નવા ગીતોના એક સંગીત સભર કાર્યક્રમનું તારીખ ૨૧ મેના રોજ બપોરે ૪ થી ૭ દરમ્યાન સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, સેક્ટર ૧૭ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાની મેમ્બરશિપ હજુ સ્વીકાર્ય છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રાઠોડ ગજરાબા અર્જુનસિંહ** ઉ.વ.૯૬, બોરીજ
- **સ્વ.ઠાકોર સોમીબેન કાળાજી** ઉ.વ.૫૩, ચાંદીસણા, માણસા
- **સ્વ.વ્યાસ કમલેશ રમણલાલ** ઉ.વ.૪૪, રાંધેજા
- **સ્વ.દંતાણી સુનિતોબન મનુભાઈ** ઉ.વ.૩૫, પ્રેસ છાપરાં
- **સ્વ.રાણા રવિન્દ્રપાલસિંહ સોવરનસિંહ** ઉ.વ.૮૪, ગાંધીનગર

# જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



ધૃમિન રાજેશ પટેલ
મો. ૯૯૯૮૪ ૦૦૯૫૦



જીયાન મણિયાર



ડો. પ્રેરક ત્રિવેદી



નરેશકુમાર કે ખાચર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



તરુણકુમાર શુક્લા
રિયાર્ડ સ્ટેટ બેંક ઓફિસર
મો. ૯૮૨૪૦ ૫૭૪૧૦



નીતા મનિષકુમાર દલાલ



ક્રિષ્ના રૂપાલા
મો. ૯૮૨૪૫ ૨૯૪૧૦



જયપ્રભાબેન બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



શિવાય રાકેશકુમાર વાળંદ